21

## રજીસ્ટ્રેશન પહોંચ

પહોંચ નંબર ૨૦૧૯૦૦૮૦૦૭૦૮૪ દસ્તાવેજ નંબર ૨૯૯૩ દસ્તાવેજ વર્ષ ૨૦૧૯
તારીખ ૩૦ માહે એપ્રિલ સને ૨૦૧૯

દસ્તાવેજનો પ્રકાર: માલિકી ફેરખત/વેચાણ અવેજ ૯૦૦૦૦૦૦.૦૦

રજુ કરનારનું નામ બિપીનભાઇ ભગવાનજીભાઇ શીંગાળા તે આદિત્ય ઈન્ફ્રા-જુનાગઢના ભાગીદાર.......

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................ | ૯૦૦૦૦.૦૦ |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........................ | ૧૭૦.૦૦ |
| શેરોની નકલ કરવા માટે ફી............................ | |
| ટપાલ ખર્ચ............................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )................ | |
| શોધ અગર તપાસણી..................................... | |
| દંડ કલમ-૨૫.......................................... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )................................. | |
| નકલ ફી ફોલીયો....................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........................................ | |
| કુલ એકંદરે રૂ. | ૯૦૧૭૦.૦૦ |

THE SEAL OF SUB-REGISTRAR OF JUNAGADH-1 TIMBAWADI / સબ-રજીસ્ટ્રારની સિક્કો જુનાગઢ-૧ ટીંબાવાડી

અંકે રૂપીયા નેવું હજાર એક સો સીત્તેર પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં _ _ _ _ _ _ _ _ _ _ _ _ . આવશે.

નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

પ્લેટીનમ-2, ગીરનાર રોડ, જૂનાગઢ

અગર ____________________ ને આપશો

રજુ કરનારની સહી

R. D. Dabhi
સબ રજીસ્ટ્રાર
જુનાગઢ-ટીંબાવાડી

Aditya Infra
Partner

©) -5877207488061914597 (W) 04/30/2019 13:58:33

Scanned by CamScanner

THE JUNAGADH COMM.CO.OP.BANK LTD
NATRAJ CHAMBER, NR.BUS STAND, ...
PARK JUNAGADH 362001
GUJ/SOS/AUTH/AV/181/2007

Dt. ૩૦.૦૫.૨૦૧૯
Name of Purchaser આદિત્ય ઈન્ફ્રા. જુનાગઢ
Sign
Address જુનાગઢ.
Value of Stamps Rs ૫૫૧૦૦૦/-
Licence No. G./SOS/AUTH/181/2007
JUNAGADH CO. CO. BANK LTD.
CHOKSI BAZAR, JUNAGADH

JND/1/TMB
2993 | 1 | 17
2019



THE SEAL OF SUB REGISTRAR OF JUNAGADH-1 TIMBAWADI

**-:: વેચાણ દસ્તાવેજ ::-**

શ્રી ગુજરાત રાજયના જુનાગઢ જીલ્લાના તાલુકા જુનાગઢના ગામ મોજે જુનાગઢ શહેરમાં મહાનગરપાલીકાની હદમાં મહોલ્લે કાળવા દરવાજા બહાર, બ્રહમકુંડ પાસે વોર્ડ નંબર-૧ માં આવેલ જુનાગઢ સીટી સર્વે કચેરીના શીટ નંબર-૨૮ ના સીટી સર્વે નંબર-૨૦ વાળી (નગર રચના-૧ ના અંતિમ ખંડ નંબર-૮૭) જમીન કે જેનુ ક્ષેત્રફળ ચો.મીટર ૫૩૧.૪૨ આશરે આવેલ છે તે જમીન તથા તે ઉપર આવેલ બાંધકામ સહીતની સ્થાવર મિલ્કત બીનબોજે, ટાઈટલ કલીયરની ખાત્રી સાથે, હાલની બજાર કિંમતે કુલ રૂા.૯૦,૦૦,૦૦૦/- અંકે રૂપીયા નેવુંલાખ પુરામાં અઘાટ વેચાણનુ દસ્તાવેજ....

(બાંધકામ ક્ષેત્રફળ ચો.મી.૧૪૬.૧૪, બાંધકામ વર્ષ-૧૯૩૬)

---

| |
|---|
| દસ્તાવેજનો પ્રકાર :વેચાણ દસ્તાવેજ અવેજ: રૂા.૯૦,૦૦,૦૦૦/- ગામનુ નામ: જુનાગઢ, શીટ નં.-૨૮, સીટી સર્વે નં.-૨૦ ની જમીન ચો.મીટર :૫૩૧.૪૨ આશરે ઉપર આવેલ રહે.મકાન |

પા....૨

30 APR 2019

Aditya Infra
Partner

Scanned by CamScanner

JND/1/TMB

2993 / 12 / 17

2019



**લખાવી લેનાર - ખરીદનાર ::-**

આદિત્ય ઈન્ફ્રા-જુનાગઢના ભાગીદારો....PAN:ABMFA7397R

(૧) શ્રી સંજયભાઈ હર્ષદરાય વ્યાસ, ઉ.વ.૫૧ આ., ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ, રહે.જુનાગઢ

(૨) શ્રી મીતાબેન સંજયભાઈ વ્યાસ, ઉ.વ.૫૧ આ., ધંધો-વેપાર/ઘરકામ, ધર્મે-હિન્દુ, રહે.જુનાગઢ

(૩) શ્રી બીપીનભાઈ ભગવાનજીભાઈ શીંગાળા, ઉ.વ.૫૦ આ. ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ, રહે.જુનાગઢ

(૪) શ્રી ચેતનભાઈ મોહનલાલ ટીલવા, ઉ.વ.૪૬ આ., ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ, રહે.જુનાગઢ

(૫) શ્રી ઝંખનાબેન રમણીકલાલ ગણાત્રા, ઉ.વ.૫૦ આ., ધંધો-વેપાર/ઘરકામ, ધર્મે-હિન્દુ, રહે.જુનાગઢ

બધાનુ સરનામુ: 'પ્લેટીનમ-II' ગીરનાર સોસાયટી, એસ.ટી કોલોની સામે, મોતીબાગ રોડ, જુનાગઢ.

**જોગ**

**લખી આપનાર - વેંચનાર ::-**

(૧) શ્રી ભરતભાઈ તુલસીદાસ સોલંકી, ઉ.વ.૬૨ આ., ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ, રહે.જુનાગઢ, સરનામુ: "સોલંકી નિવાસ" દોમડીયા વાડી સામે, કોલેજ રોડ, જુનાગઢ. PAN:DEYPS6356N

(૨) શ્રી રાજેશભાઈ હસમુખભાઈ સોલંકી, ઉ.વ.૩૯ આ. ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ, રહે.જુનાગઢ, સરનામુ: સંજીવની એન્વાયરો કન્સલ્ટન્ટ, ૧૭/બીજા માળે, મરીયમ મસ્જીદ સામે, સરખેજ રેલ્વે ક્રોસીંગ પાસે, સરખેજ, અમદાવાદ. PAN:BDVPS6923B

જત આ વેચાણ દસ્તાવેજ ઉપરથી અમો લખી આપનાર તમો લખાવી લેનાર જોગ અમારી સંપૂર્ણ રાજીખુશીથી લખી આપી બંધાઈએ છીએ કે :-

(૧) શ્રી ગુજરાત રાજયના જુનાગઢ જીલ્લાના તાલુકા જુનાગઢના ગામ મોજે જુનાગઢ શહેરમાં મહાનગરપાલીકાની હદમાં મહોલ્લે કાળવા દરવાજા બહાર, બ્રહમકુંડ પાસે વોર્ડ નંબર-૧ માં આવેલ જુનાગઢ સીટી

30 APR 2019

દસ્તાવેજનો પ્રકાર :વેચાણ દસ્તાવેજ અવેજ: રૂા.૯૦,૦૦,૦૦૦/- ગામનુ નામઃ જુનાગઢ, શીટ નં.-૨૮, સીટી સર્વે નં.-૨૦ ની જમીન ચો.મીટર :૫૩૧.૪૨ આશરે ઉપર આવેલ રહે.મકાન

પા....૩

Aditya Infra
Partner

Scanned by CamScanner

JND/1/TMB
2993 / 3 / 17
2019



સર્વે કચેરીના શીટ નંબર-૨૮ ના સીટી સર્વે નંબર-૨૦ વાળી (નગર રચના -૧ ના અંતિમ ખંડ નંબર-૮૭) જમીન કે જેનુ ક્ષેત્રફળ ચો.મીટર ૫૩૧.૪૨ આશરે વાળી સ્થાવર મિલ્કત અમો વેચાણ આપનારાની સંયુકત સહમાલીકી કબજા ભોગવટાની આવેલ છે જે આથી તમોને વેચાણ આપવામાં આવે છે તેની વિગત...

(૨) સદરહુ સીટી સર્વેના કાળવા દરવાજા બહાર(કા.દ.બ.)તરીકે ઓળખાતી મિલ્કતના સર્વે નંબર-૨૦ છે, તે મિલ્કત મુળ સોલંકી ગોકળ કાળાએ શ્રી સોરઠ સરકાર પાસેથી અઘાટ વેચાણ હકકથી તા.૧૨/૧/૧૯૩૭ ના વેચાણ રાખેલ હતી. અને તેની સનંદ નંબર-૧૧/૯૩ ની તેઓના નામની નીકળેલ હતી, સદર મિલ્કતના ખરીદ કરનાર માલીક સોલંકી ગોકળ કાળાનુ અવસાન થતા તેના સીધીલીટીના વારસપુત્રો જમનાદાસ ગોકળદાસ, નરસીદાસ ગોકળદાસ, તુલસીદાસ ગોકળદાસ, બચુભાઈ ગોકળદાસના સંયુકત નામે વારસાઈ નોંધ નંબર-૨૨૨ તા.૨/૮/૧૯૯૧ ના દાખલ થયેલ હતી. ગુજરનાર સોલંકી ગોકળદાસ કાળાના ચારેય વારસદારોના નામ સીટી સર્વેમા દાખલ થયા તે પહેલા ચારેય ભાઈઓ વચ્ચે મિલ્કતના ભાગ પડેલ હતા. અને તેથી તુલસીદાસ ગોકળદાસ સોલંકીના સ્વતંત્ર ભાગે ચો.મી. ૫૩૧.૪૨ આશરે વાળી મિલ્કત આવેલ અને તે સંબધેની રેવન્યુ નોંધ તા.૧૩/૮/૧૯૯૮ ના તમામની સમંતી અને જાણકારીથી દાખલ થઈ પ્રમાણીત થયેલ છે

(૩) ઉપરોકત વિગતેની મિલ્કત કે જે ગુજરનાર તુલસીદાસ ગોકળદાસના હિસ્સા અને ભાગમા આવેલ સર્વે નંબર-૨૦ પૈકી જમીન ચો.મીટર ૫૩૧.૪૨ આશરેની સુવાંગ અને સ્વતંત્ર માલીક તરીકે આવ્યા બાદ શ્રી તુલસીદાસ ગોકળદાસનુ તા.૨૪/૧૧/૨૦૦૪ ના રોજ અવસાન થતા તેના વારસદારોના નામ સીટી સર્વે કચેરીના પ્રોપર્ટી કાર્ડમા નોંધ નંબર-૧૫૬૪ થી તા.૧૨/૯/૨૦૦૬ ના દાખલ કરવામાં આવેલ તે મુજબ પુષ્પાબેન, ઉર્મીલાબેન, હસમુખભાઈ, વનીતાબેન, ભરતભાઈ, કુસુમબેન અને નયનાબેન તુલસીદાસ સોલંકીના નામ દાખલ થયેલ હતા. અને તુલસીદાસ ગોકળદાસ સોલંકીની હૈયાતીમાં તેમના પત્ની મંજુલાબેનનું તા.૧૩/૧/૧૯૯૮ ના અવસાન થયેલ હતુ.

30 APR 2019

| દસ્તાવેજનો પ્રકાર :વેચાણ દસ્તાવેજ અવેજ: રૂા.૯૦,૦૦,૦૦૦/- ગામનુ નામઃ જુનાગઢ, શીટ નં.-૨૮, સીટી સર્વે નં.-૨૦ ની જમીન ચો.મીટર :૫૩૧.૪૨ આશરે ઉપર આવેલ રહે.મકાન |
|---|

પા....૪

Aditya Infra
Partner

Scanned by CamScanner

JND/1/TMB

2993 | 4 | 17

2019



(૪) ત્યારબાદ ગુજરનાર તુલસીદાસ ગોકળદાસના અવસાન બાદ સીટી સર્વેમા નોંધ નંબર-૧૫૬૪ દાખલ થયા બાદ તુલસીદાસ ભાઈના વારસો પૈકી હસમુખભાઈ તુલસીદાસ સોલંકીનુ તા.૧૮/૪/૨૦૧૦ ના અવસાન થતા તેના વારસો રાજેશભાઈ, હેતલબેન અને નિર્મળાબેન હસમુખભાઈ સોલંકીના નામ સીટી સર્વે કચેરીના પ્રોપર્ટી કાર્ડમાં નોંધ નંબર-૭૭૮૧ થી દાખલ થયેલ હતા, તે બાદ નોંધ નંબર-૭૭૮૨ મુજબ ઉર્મીલાબેન તુલસીદાસ સોલંકીનુ તા.૩૦/૭/૨૦૦૯ ના રોજ અવસાન થતા તેના વારસદારો તરીકે પ્રવિણાબેન, કિરણબેન, દક્ષાબેન, મધુબેન, પારૂલબેન બાબુભાઈ સોલંકીના નામો વારસો તરીકે દાખલ થયેલ હતા. અને તે પછી નયનાબેન તુલસીદાસ સોલંકીએ જુનાગઢ સીવીલ કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૩૩/૨૦૦૮ ગુજરનાર તુલસીદાસભાઈના તમામ વારસો, જેઓના નામો સીટી સર્વેના રેકર્ડમા દાખલ થયેલ તેઓ તમામ સામે દાવો દાખલ કરેલ, સદર દાવામા તા.૩૦/૧૧/૨૦૧૬ ના પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોય, સમાધાન મુજબ કરારદાદી હુકમનામુ થયેલ હુકમ મુજબ નયનાબેનને મિલ્કતના હીસ્સાના બદલામા રોકડ રકમ ચુકવાઈ થયેલ છે, તે રીતે અન્ય વારસદારો પુષ્પાબેન તુલસીદાસ સોલંકી, પ્રવિણાબેન બાબુભાઈ સોલંકી, કિરણબેન બાબુભાઈ સોલંકી, મધુબેન બાબુભાઈ સોલંકી, દક્ષાબેન બાબુભાઈ સોલંકી, પારૂલબેન બાબુભાઈ સોલંકી, વનીતાબેન તુલસીદાસ સોલંકી, કુસુમબેન તુલસીદાસ સોલંકી, હેતલબેન હસમુખભાઈ સોલંકી અને નિર્મળાબેન હસમુખભાઈ સોલંકીને પણ મિલ્કતના હિસ્સાના બદલામા રોકડ રકમ ચુકવેલ છે. સીટી સર્વે નોંધ નંબર-૭૭૮૩ મુજબ જે જે વારસોએ પોતાનો હીસ્સો રાજીખુશીથી જતો કરેલ છે. અને તે તમામના નામ કમી કરવામાં આવેલ છે તેથી સદર નોંધ મુજબ મિલ્કતના ધારણકર્તા માલીક અને કબજેદારો અમો વેચાણ આપનાર **ભરતભાઈ તુલસીદાસ સોલંકી** અને **રાજેશભાઈ હસમુખભાઈ સોલંકી** છીએ. આમ ત્યારથી સદરહુ મિલ્કત અમો લખી આપનારની સહમાલીકી કબજા ભોગવટાની બનેલ છે. અને તેની ગમે તે પ્રકારની વ્યવસ્થા કરવવાનો અમોને સંપુર્ણ હક્ક અને અધિકાર છે.

(૫) સદરહુ જુનાગઢ શહેરમાં વોર્ડ નંબર-૧ માં જુનાગઢ સીટી સર્વે કચેરીના શીટ નંબર-૨૮ ના સીટી સર્વે નંબર-૨૦ ની વાળી કાળવા દરવાજા બહાર આવેલ મિલ્કત જેનુ ક્ષેત્રફળ ચો.મી.૫૩૧.૪૨ આશરે આવેલ છે તેની ચતુઃસીમાની વિગત નીચે મુજબ છે.

30 APR 2019

| |
|---|
| દસ્તાવેજનો પ્રકાર :વેચાણ દસ્તાવેજ અવેજ: રૂા.૯૦,૦૦,૦૦૦/- ગામનુ નામઃ જુનાગઢ, શીટ નં.-૨૮, સીટી સર્વે નં.-૨૦ ની જમીન ચો.મીટર :૫૩૧.૪૨ આશરે ઉપર આવેલ રહે.મકાન |

પા....૫

Aditya Infra
Partner

Scanned by CamScanner

JND/1/TMB
2993 | 5 | 17
2019

-:: ૫ ::-

પૂર્વે :- બ્રહમકુંડ
પશ્ચિમે:- આ સર્વે નંબર પેકીની આંતરીક રસ્તાની જમીન
ઉત્તરે :- હાટકેશ હોસ્પીટલ જતો રસ્તો
દક્ષીણે:- આ સર્વે નંબર પૈકીની ગોકળદાસભાઈના વારસોની મિલ્કત

ઉપર જણાવેલ મિલ્કત પૈકીમા ચો.મીટર ૧૪૬.૧૪ મા બાંધકામ આશરે ૮૦ વર્ષ પહેલાનુ આવેલ છે. માત્ર ભોયતળીયા ઉપરનુ જુનવાણી અને પડતર ખંઢેર હાલતનુ છે.

(૬) ઉપરની વિગત વર્ણન અને ચતુઃસીમા વાળી મિલ્કતની વેંચાણ કિંમતની રકમ રૂ.૯૦,૦૦,૦૦૦/- અંકે રૂપીયા નેવુંલાખ પુરા તમો ખરીદનાર તરફથી અમો વેંચાણ આપનારને નીચેની વિગતે મળેલ છે.

| | | |
|---|---|---|
| રૂપીયા | ૫,૦૦,૦૦૦/- | અંકે રૂપીયા પાંચલાખ પુરા ચેકથી તમો ખરીદનારો તરફથી અમો વેંચાણ આપનાર ક્રમ નંબર-૧ ને તા.૨૨/૮/૨૦૧૮ ના રોજ મળી ગયેલ છે. |
| રૂપીયા | ૫,૦૦,૦૦૦/- | અંકે રૂપીયા પાંચલાખ પુરા ચેકથી તમો ખરીદનારો તરફથી અમો વેંચાણ આપનાર ક્રમ નંબર-૨ ને તા.૨૨/૮/૨૦૧૮ ના રોજ મળી ગયેલ છે. |
| રૂપીયા | ૨૦,૦૦,૦૦૦/- | અંકે રૂપીયા વીસલાખ પુરાનો ચેક નંબર-૫૭૮૭૦૭ તા. ૩૦/૦૪/૨૦૧૯ નો યશ બેંક, જુનાગઢ શાખાનો ચેક તમો ખરીદનાર તરફથી અમો વેંચાણ આપનાર ક્રમ નંબર-૧ ને મળેલ છે. |
| રૂપીયા | ૨૦,૦૦,૦૦૦/- | અંકે રૂપીયા વીસલાખ પુરાનો ચેક નંબર-૫૭૮૭૦૮ તા.૩૦/૦૪/૨૦૧૯ નો યશ બેંક, જુનાગઢ શાખાનો ચેક તમો ખરીદનાર તરફથી અમો વેંચાણ આપનાર ક્રમ નંબર-૧ ને મળેલ છે. |
| રૂપીયા | ૨૦,૦૦,૦૦૦/- | અંકે રૂપીયા વીસલાખ પુરાનો ચેક નંબર-૫૭૮૭૦૯ તા.૩૦/૦૪/૨૦૧૯ નો યશ બેંક, જુનાગઢ શાખાનો ચેક તમો ખરીદનાર તરફથી અમો વેંચાણ આપનાર ક્રમ નંબર-૨ ને મળેલ છે. |
| રૂપીયા | ૨૦,૦૦,૦૦૦/- | અંકે રૂપીયા વીસલાખ પુરાનો ચેક નંબર-૫૭૮૭૧૦ તા.૩૦/૦૪/૨૦૧૯ નો યશ બેંક, જુનાગઢ શાખાનો ચેક તમો ખરીદનાર તરફથી અમો વેંચાણ આપનાર ક્રમ નંબર-૨ ને મળેલ છે. |
| કુલ રૂ. | ૯૦,૦૦,૦૦૦/- | અંકે રૂપીયા નેવુલાખ પુરા... |

30 APR 2019

દસ્તાવેજનો પ્રકાર :વેચાણ દસ્તાવેજ અવેજ: રૂ.૯૦,૦૦,૦૦૦/- ગામનુ નામઃ જુનાગઢ, શીટ નં.-૨૮, સીટી સર્વે નં.-૨૦ ની જમીન ચો.મીટર :૫૩૧.૪૨ આશરે ઉપર આવેલ રહે.મકાન

પા....૬

Aditya Infra
Partner

JND/1/TMB

2993 | 6 | 17

2019

-:: ૬ ::-

ઉપરોક્ત વિગતે અવેજની ચુકતે રકમ મળેલ છે જેની આથી પહોંચ આપીએ છીએ. અને અમોએ વેચાણ આપેલ મિલ્કતનો ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો સ્થળ ઉપર તમારી સાથે ભેગા ચાલી તમોને સોંપી આપેલ છે જે તમોએ સંભાળી લીધેલ છે જેથી આપણાં વચ્ચે અરસ પરસ અવેજ કે કબજા સબંધી કાંઈપણ વાંધો કે તકરાર રહેલ નથી.

(૭) આ વેચાણ આપેલ મિલ્કત અમો આ દસ્તાવેજ લખી આપનારની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ છે તેમાં અમો લખી આપનાર સિવાય અમારા અન્ય કોઈ ભાઈ, ભત્રીજા, પીત્રાઈ, ગોત્રાઈ, સગા સબંધી લાગતા વળગતા કુટુમ્બ-કબીલા કોઈનો કાંઈ પણ હકક, હીસ્સો કે દરદાવો આવેલ નથી તેમજ તેના ઉપર કોઈનો ખોરાકી પોષાકીનો કે અન્ય પ્રકારનો હકક દાવો નથી તેમજ સદરહુ મિલ્કત ઉપર કોઈની જામીનગીરી સ્વીકારેલી નથી કે થાલમાં લખાવેલ નથી. તેમજ સદરહુ મિલ્કત ઉપર કોઈ કોર્ટ-કચેરીમાં દાવો ફરીયાદ ચાલતા નથી. આમ સદરહુ મિલ્કતના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે આમ છતાં અમારા માલીકી હકક સબંધી કે કબજા હકક સબંધી કે ટાઈટલ સબંધી કાંઈપણ વાંધો હરકત માલુમ પડશે તો તે તમામ અમારી જવાબદારીએ દૂર કરી આપવા બંધાઈએ છીએ. તેની સંપર્ણુ જવાબદારી અમારી રહેશે.

(૮) તેમજ આ તમોને વેચાણ આપેલ મિલ્કતમાં બહુમાળી મકાન બાંધવા અમો વેચાણ આપનારે જુનાગઢ મહાનગરપાલીકા કચેરીમાં પ્લાન/નકશા સાથે બાંધકામની મંજુરી મળવા અરજ અહેવાલ તા.૨૩/૧૦/૨૦૧૮ ના રોજ ઈન્વર્ડ નંબર-બાંધકામ/એડી./એમ./૧૦૯૨ થી કરેલ અને તે અન્વયે સક્ષમ ઓથોરીટીએ બાંધકામની મંજુરી નંબર-જે.એમ.સી./બી.પી./રહેણાંક (કોર્મશીયલ)/૪૦૩/૨૦૧૮ તા.૩૦/૧૧/૨૦૧૮ ના રોજથી આપેલ છે. તે બાંધકામ મંજુરી સાથે, મંજુરી મુજબ બાંધકામ કરવાના હકકો સાથે આ સ્થાવર મિલ્કત તમોને વેચાણ આપવામાં આવે છે.અને મળેલ બાંધકામ મંજુરી મુજબ બાંધકામ કરવાની જવાબદારી તમો ખરીદનારની રહેશે. સદરહુ મિલ્કતમાં બાંધકામ કરતી વખતે કે બાંધકામ પુર્ણ થયા બાદ ભવિષ્યમાં કોઈપણ કાયદાકીય ગુંચવણ ઉભી થાય તો તેનુ નીરાકરણ કરવાની કે તેમા થતા ખર્ચની જવાબદારી તમો ખરીદનારની અગત રહેશે. આવી બાબતોમાં અમો લખી આપનારની કોઈપણ જાતની વ્યકિતગત કે પ્રત્યક્ષ રીતે જવાબદારી થતી નથી કે રહેશે નહી. આવી બાબતોની આપણી વચ્ચે સ્પષ્ટતા થયેલ છે.

30 APR 2019

દસ્તાવેજનો પ્રકાર :વેચાણ દસ્તાવેજ અવેજ: રૂ.૯૦,૦૦,૦૦૦/- ગામનુ નામ: જુનાગઢ, શીટ નં.-૨૮, સીટી સર્વે નં.-૨૦ ની જમીન ચો.મીટર :૫૩૧.૪૨ આશરે ઉપર આવેલ રહે.મકાન

પા....૭

Aditya Infra

Partner

Scanned by CamScanner

JND/1/TMB
2993 | 7 | 17
2019



(૯) આ વેંચાણ આપેલ સ્થાવર મિલ્કત અમોએ આ અગાઉ અન્ય કોઈને ગીરો, વેંચાણ કે બક્ષીસ કરેલ નથી કે તેમ કરવા તે અંગેના કોઈ કરાર કોઈની સાથે કરેલા નથી તેમજ સદરહુ મિલ્કત ઉપર અમોએ ગીરો વેંચાણ કે બક્ષીસની રૂઈએ કરજ કે બોજો કરેલ નથી તેમજ સદરહુ મિલ્કત ઉપર સરકારી કે અર્ધ-સરકારી કે ખાનગી વ્યકિતનુ કે બેન્ક મંડળીનુ કે સંસ્થાનુ કાંઈપણ લેણુ કરજ કે બોજો આવેલ નથી બીના બોજે ટાઈટલ કલીયર આવેલ છે આમ છતાં આજ તારીખ પહેલાનો કાંઈપણ વાંધો હરકત કે લેણુ કરજ નીકળી આવશે તો તે તમામ અમારે અમારી જવાબદારીએ દૂર કરી આપવા બંધાઈએ છીએ.

(૧૦) આ તમોને વેંચાણ આપેલ મિલ્કત ઉપરથી આજની તારીખથી અમોએ અમારા તમામ પ્રકારના માલીકી હકકો ઉઠાવી લઈ તમોને સ્વાધીન કરી આપતાં તમો તેના માલીક અને કબજેદાર બનો છો તમારા માલીકી હકકની રૂઈએ સદરહુ જગ્યામાં બાંધકામ મંજુરી મુજબ બાંધકામ કરો, સદરહુ મિલ્કત ભોગવો, ભોગતાર લીયો અગર તેની તમારી દીલ ચાહે તે વ્યવસ્થા કરજો તેમાં અમારે કે અમારા વંશ, વારસોએ વાંધો હરકત કરવાનો નથી કે વાંધો કરવા હકક અધીકાર રહેતો નથી.

(૧૧) આ તમોને વેંચાણ આપેલ મિલ્કત/જમીનને લગતા આજ તારીખ સુધીના સરકારી,અર્ધ-સરકારી કરવેરા,હાઉસટેકસ, શીક્ષણ ઉપકર, વિગેરેની જે કાંઈ રકમ ચડત હશે તે અમો વેંચાણ આપનારે ભરી આપવાની છે અને આજ તારીખ બાદથી તેવી તમામ રકમો તમો ખરીદનારે ભરવાની અને ભોગવવાની રહેશે.

(૧૨) આ તમોને વેંચાણ આપેલ મિલ્કત/જમીન તમો દરેક સરકારી, અર્ધ-સરકારી રેકર્ડઝમાં, સીટી સર્વે કચેરીમાં, મહાનગરપાલીકા દફતરે, કે અન્ય લાગતી વળગતી કચેરીઓમાં તમારા નામે નામફેર કરાવી લેજો, તે અંગેની જરૂરી અરજીઓમાં અમારે સહંમતી બદલની સહીઓ કરી આપવી છે. તેમજ જરૂર પડયે સાથે આવી કબુલાત આપી જવી છે.

(૧૩) આ વેંચાણ આપેલ સ્થાવર મિલ્કતને લગતા માલીકી આધાર દર્શક કાગળોની ફાઈલમા સોલંકી ગોકળ કાળાનાનામની સનંદ, સીટી સર્વે પ્રોપર્ટી કાર્ડની નકલો, માપણી શીટની નકલ વિગેરે તથા આજ તારીખ

30 APR 2019

SUB REGISTRAR OF ... BAWADI

| દસ્તાવેજનો પ્રકાર :વેચાણ દસ્તાવેજ અવેજ: રૂા.૯૦,૦૦,૦૦૦/- ગામનુ નામઃ જુનાગઢ, શીટ નં.-૨૮, સીટી સર્વે નં.-૨૦ ની જમીન ચો.મીટર :૫૩૧.૪૨ આશરે ઉપર આવેલ રહે.મકાન |
|---|



Aditya Infra
Partner

Scanned by CamScanner

JND/1/TMB

2993/8/17

2019



સુધીના હાઉસટેક્સ, શીક્ષણ ઉપકર, સફાઈકર ભર્યાની પહોંચો વિગેરે કાગળો સોપી આપેલ છે આ સિવાય અન્ય કાગળો અમારા પાસે નથી. છતાં પણ મળી આવશે તો તે અમારે તમોને સોપી આપવાના રહેશે. તેનો તમારા હીત વિરૂઘ્ધ ઉપયોગ કરવાનો નથી. જેની આથી ખાત્રી આપીએ છીએ.

(૧૪) આ વેંચાણ દસ્તાવેજને લગતો તમામ ખર્ચ તમો ખરીદનારે ભોગવવાનો હોય, તમોએ તમારા નામના તમારા ખર્ચે જરૂરી નોન જયુડી. સ્ટેમ્પ પેપર રૂપીયા ૪,૪૧,૦૦૦/- ના ખરીદ કરેલ છે તેના ઉપર તથા સાથે બોન્ડપેપર જોડી તેના ઉપર ટાઈપ કરાવી આપી લખી આપેલ છે જે રજી. નોંધાવી આપવા અવેજ મળ્યાની કબુલાત સબ-રજીસ્ટ્રાર સમક્ષ સાથે ચાલી આપી જવી છે.

આ અઘાટ વેંચાણ દસ્તાવેજ આજરોજ અમે અમારી સંપૂર્ણ રાજીખુશીથી, વાંચી, સમજી, વિચારી, વિના નશે, વિના દબાણે, અકકલ અને હોશીયારીથી, શુઘ્ધબુઘ્ધીથી, સાવધસ્થીતીમાં લખી આપી આ નીચે સહી કરી આપી સાક્ષીઓ કરાવી આપેલ છે જે અમને તથા અમારા વંશ, વાલી, વારસોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે. જેની ખાત્રી બદલ આ નીચે સહી કરી આપી શાખ કરાવી આપેલ છે.

મુ.જુનાગઢ આજ તારીખઃ ૩૦/૦૪/૨૦૧૯ ને મંગળવાર

સહીઓ.....

સાક્ષીઓ....

(૧) [signature]

(૨) [signature]

૧) [signature]
(શ્રી ભરતભાઈ તુલસીદાસ સોલંકી)

૨) [signature]
(શ્રી રાજેશભાઈ હસમુખભાઈ સોલંકી)

દસ્તાવેજનો પ્રકાર :વેચાણ દસ્તાવેજ અવેજઃ રૂા.૯૦,૦૦,૦૦૦/- ગામનુ નામઃ જુનાગઢ, શીટ નં.-૨૮, સીટી સર્વે નં.-૨૦ ની જમીન ચો.મીટર :૫૩૧.૪૨ આશરે ઉપર આવેલ રહે.મકાન

30 APR 2019

Aditya Infra
Partner

Scanned by CamScanner

JND/1/TMB

2993 | 9 | 17

2019

-:: ૯ ::-

(રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૦૮ ની કલમ ૩૨-એ મુજબનુ પરિશીષ્ટ)

| લખી આપનારની સહી | લખી આપનારનો ફોટોગ્રાફસ | લખી આપનારના અંગુઠાનું નિશાન |
|---|---|---|
| [signature] |  |  |
| [signature] |  |  |
| **લખાવી લેનારની સહી** | **લખાવી લેનારનો ફોટોગ્રાફસ** | **લખાવી લેનારના અંગુઠાનું નિશાન** |
| [signature] |  |  |
| Vyas M.S. |  |  |

THE SEAL OF SUB-REGISTRAR OF JUNAGADH

SUB-REGISTRAR OF TIMBAVADI

30 APR 2019

Aditya Infra

Partner

Scanned by CamScanner

JND/1/TMB

2993 | 10 | 17

2019

-:: ::-

(રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ ની કલમ ૩૨-એ મુજબનુ પરિશીષ્ટ)

| લખાવી લેનારની સહી | લખાવી લેનારનો ફોટોગ્રાફસ | લખાવી લેનારના અંગુઠાનું નિશાન |
|---|---|---|
| |  | |
| |  | |
| |  | |

30 APR 2019

Aditya Infra

Partner

Scanned by CamScanner


JND/1/TMB

2993 | 11 | 17

2019

-:: ::-

મિલ્કતનો ફોટોગ્રાફઃ: સામેની બાજુથી (Front View)



લખાવી લેનારની સહી :

લખી આપનારની સહી :

30 APR 2019

Aditya Infra

Partner


Scanned by CamScanner

JND/1/TMB

2393 | 12 | 17

2019

મિલ્કતનો ફોટોગ્રાફ :: એક સાઈડેથી (Side View)



મિલ્કતનુ પોસ્ટલ સરનામું : ''સોલંકી નિવાસ'' દોમડીયા વાડી સામે, બ્રહ્મકુંડ પાસે, કોલેજ રોડ, જુનાગઢ

લખાવી લેનારની સહી :

લખી આપનારની સહી :

30 APR 2019

Aditya Infra

Partner

JND/1/TMB

2993 | 13 | 17

2019

30 APR 2019

દસ્તાવેજ નંબર- 2993 તારીખ: 30/4/2019

:: પરિશિષ્ટ ::

નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૩૪ ની પેટા કલમ-૩ મુજબનુ ચેકલીસ્ટ

| અનુ.નં | પ્રશ્ન | જવાબ (હા કે ના) |
|---|---|---|
| | **લખી આપનાર, સંમતી આપનાર કે તેઓના કુલમુખત્યારને પુછવાના પ્રશ્નો** | |
| ૧ | લેખમા દર્શાવ્યા મુજબ જુનાગઢ ગામના સીટી સર્વે બ્લોક નંબર-૨૮ ના સર્વે નંબર-૨૦ ની જમીન (ટી.પી.સ્કીમ-૧ ના ફાયનલ પ્લોટ નંબર-૮૭) માં આવેલ રહેણાંક મકાન વાળી સ્થાવર મિલ્કત માટે વેચાણ દસ્તાવેજનો લેખ કરી આપેલ છે ? | હા |
| ૨ | લેખમા દર્શાવ્યા મુજબ સદરહુ સર્વે નંબર-૨૦ ની જમીન ચો.મી. ૫૩૧.૪૨ આશરે તથા તે ઉપર આવેલ રહેણાંક મકાન વાળી સ્થાવર મિલ્કત અંગે વેચાણ દસ્તાવેજનો લેખ કરી આપેલ છે ? | હા |
| ૩ | લેખમા દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળી ગયેલ છે ? | હા |
| ૪ | લેખમા દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમો કબુલ રાખો છો ? | હા |
| ૫ | પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હૈયાત છે ? | --- |
| ૬ | પાવર ઓફ એટર્નીના લેખમા પાવર ઓફ એટર્ની આપનાર વ્યકિત/ઓ એ સહી/અંગુઠાનુ નિશાન કરેલ છે? | --- |
| ૭ | પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમા છે ? | --- |
| ૮ | ઓળખાણ આપવા સારૂ તમો ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો ? | હા |
| | **ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો** | |
| ૧ | દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમો જાતે ઓળખો છો ? | હા |
| ૨ | દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક જ છે ? | હા |
| ૩ | કોઇ વ્યકિતએ ખોટુ નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ? | હા |

**લખી આપનાર/સંમતી આપનાર/કુ.મુ.ની સહી**

[signature]

[signature]

**ઓળખ આપનારની સહી**

કુસુમબેન તુલસીદાસ સોલંકી

વનિતાબેન તુલસીદાસ સોલંકી

[signature]

સબ-રજીસ્ટ્રાર, જુનાગઢ
ઝોન-૧ (ટીંબાવાડી)

30 APR 2019

Aditya Infra

[signature]

Partner

SUB-REGISTRAR OF ... TIMBAWADI

Scanned by CamScanner

| JND/1/TMB | | |
|---|---|---|
| 2993 | 14 | 17 |
| 2019 | | |

(W) 30/04/2019 1:53 PM

| | |
|---|---|
| અનુક્રમ નંબર **૨૯૯૩** સને ૨૦૧૯ ના એપ્રિલ માસની ૩૦ મી તારીખે **૧૩ થી ૧૪** વાગ્યાની વચ્ચે જુનાગઢ-ટીંબાવાડી સબ રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યો. | પહોંચ નંબર:૨૦૧૯૦૦૮૦૦૭૦૮૪<br>ફીપહોંચી છે તે |

| | Rs. |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | ૯૦૦૦૦.૦૦ |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો (17) | ૧૭૦.૦૦ |
| અન્ય ફી | ૦.૦૦ |
| કુલ એકંદરે રૂ. | ૯૦૧૭૦.૦૦ |




રૂ: બિપીનભાઇ ભગવાનજીભાઇ શીંગાળા તે આદિત્ય ઈન્ફ્રા-જૂનાગઢના ભાગીદાર.......

R. D. Dabhi
સબ રજીસ્ટ્રાર
જુનાગઢ-ટીંબાવાડી

R. D. Dabhi
સબ રજીસ્ટ્રાર
જુનાગઢ-ટીંબાવાડી

| અનું.નંબર | પક્ષકારનું નામ અને સરનામુ | ઉમર | ફોટોગ્રાફ | ડા.હા.અં.ની છાપ | સહી |
|---|---|---|---|---|---|
| આપનાર | | | | | |
| ૧ | ભરતભાઈ તુલસીદાસ સોલંકી<br>સોલંકી નિવાસ, ટોમડીયા વાડી સામે, કોલેજ રોડ, જૂનાગઢ<br>PANNO:DEYPS6356N | ૬૨ |  |  | |
| લેનાર | | | | | |
| ૨ | રાજેશભાઈ હસમુખભાઈ સોલંકી<br>સંજીવની એન્વાયરો કન્સલ્ટન્ટ, 17/બીજો માળ, મીરયમ મસ્જીદ સામે, સરખેજ રેલ્વે ક્રોસીંગ પાસે, સરખેજ, અમદાવાદ.<br>PANNO:BDVPS6923B | ૩૯ |  |  | |

દસ્તાવેજ લખી આપનાર આ દસ્તાવેજ લખી આપ્યાનું કબુલ કરે છે.

Aditya Infra
Partner

Scanned by CamScanner

| JND/1/TMB | | |
|---|---|---|
| 2993 | 15 | 17 |
| 2019 | | |

(W) 30/04/2019 1:53 PM

૧ કુસુમબેન ઈશ્વરદાસ પીઠડીયા
આવાસ કોલોની, ખોડીયાર કોલોની, જામનગર




૨ વનિતાબેન ભુપતભાઇ ચાવડા
ફુલઝર સોસા. પાનેલી તા. ઉપલેટા




તેઓ કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે ઓળખે છે.
અને તેમની ઓળખાણ આપે છે.

૧. કુસુમબેન ~~[struck]~~ તુલસીદાસ સોલંકી

૨. વનિતાબેન તુલસીદાસ સોલંકી

તારીખે: 30 માહે: એપ્રિલ -૨૦૧૯

SUB-REGISTRAR ... TIMBAWADI

R. D. Dabhi
સબ રજીસ્ટ્રાર
જુનાગઢ-ટીંબાવાડી

બજાર કિંમત નક્કી કરવા અંગેનું ફોર્મ નં. ૧
રજુ થયેલ છે.
તારીખ: 30/04/2019

R. D. Dabhi
સબ રજીસ્ટ્રાર
જુનાગઢ-ટીંબાવાડી

Aditya Infra
Partner

Scanned by CamScanner

| JND/1/TMB | | |
|---|---|---|
| 2993 | 16 | 17 |
| 2019 | | |

(V) 30/04/2019 1:03 PM

હુકમતેકરા કલમ ૧૯૬૨ ની જોગવાઇ મુજબ (૧) પાન નં/ઇ.જ.ર. નંબર દર્શાવેલ છે. જેની ખરાઇ કરવામાં આવેલ છે.

આપનાર નંબર 1,2

લેનાર નંબર 1,2,3,4,5

સંમતી આપનાર નંબર

તારીખ: 30/04/2019

R. D. Dabhi
સબ રજીસ્ટ્રાર
જુનાગઢ-ટીંબાવાડી

આ સાથે લેનાર , આપનાર તથા ઓળખાણ આપનારના ઓળખ અંગેના પ્રમાણીત પુરાવા રજુ કરેલ છે.

તારીખ: 30/04/2019

SUB-REGISTRAR OF ... TIMBAWADI

R. D. Dabhi
સબ રજીસ્ટ્રાર
જુનાગઢ-ટીંબાવાડી

પરિપત્ર ક્રમાંક: ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૧૩૦૦૧ થી ૧૩૩૬૪

નોંધણી સર નિરક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગરના તા.૨૨\૦૧\૨૦૧૫ ના પરિપત્ર ક્રમાંક : ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૧૩૦૦૧ થી ૧૩૩૬૪ તથા તા.૧૧\૧૧\૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક : ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૩૨૩૯૨ થી ૩૨૭૫૭ મુજબ લખી આપનાર નં ( 1 ),( 2 ) ને દસ્તાવેજોની વિગતે સમજુત કર્યા અને ઓળખાણ આપનારાઓએ તેઓની ઓળખ ખાતરી આપતા રજીસ્ટ્રેશન એક્ટ -૧૯૦૮ ની કલમ -૩૪,૩૫,૫૮ અને ૫૯ હેઠળની કાર્યવાહી પુરી કરી.

R. D. Dabhi
સબ રજીસ્ટ્રાર
જુનાગઢ-ટીંબાવાડી

Aditya Infra
Partner

Scanned by CamScanner

(W) 30/04/2019 3:01 PM

| JND/1/TMB | | |
|---|---|---|
| 2993 | 17 | 17 |
| 2019 | | |

| | | | |
|---|---|---|---|
| ૧ | નંબરની બુકના | ૨૯૯૩ | નંબરે નોંધ્યો છે. |
| તારીખ: 30-04-2019 | | | |

R. D. Dabhi
સબ રજીસ્ટ્રાર
જુનાગઢ-ટીંબાવાડી

THE SEAL OF SUB-REGISTRAR OF JUNAGADH-1
જુનાગઢ સબ-રજીસ્ટ્રારનો (સિક્કો)
જુનાગઢ-૧ ટીંબાવાડી

TRUE COPY
(A. A. MANIAR)
NOTARY - GOVT. OF GUJ.
JUNAGADH DIST.

Aditya Infra
Partner

Scanned by CamScanner